

ધરતી શાહ દ્વારા અનોખી રંગોળીનું નિર્માણ કરવામાં આવ્યું હતું. રંગોળીમાં નાના બાળકોનો પક્ષી પ્રેમ વરસતો દ્રશ્યમાન થાય છે.

# સે. ૨૪ ઈન્દીરાનગરમાં ગટરના દૂષિત પાણીનો ભરાવો : રહીશો તોબા

## છેલ્લા પાંચ મહીનાથી ગટરનો પ્રશ્ન પેચીદો બન્યો છે

ગાંધીનગર, તા. ૯

શહેરમાં ગટરો ઉભરાવવાની સમસ્યાને અજગરે ભરડો લીધો છે. સેક્ટરોમાં સ્થિત રહેણાંક વિસ્તારમાં દૂષિત પાણીના ભરાવા વચ્ચે ગુંગળામણ અનુભવતા રહીશો તંત્રની નિષ્ક્રિયતાના લીધે લાચાર સ્થિતિમાં મુકાયા છે. સે. ૨૪ સ્થિત ઈન્દીરાનગર વિસ્તારમાં પણ દર બે-ત્રણ દિવસે ગટરનું દૂષિત પાણી ઉભરાતા રહીશો તોબા પોકારી ગયા છે. આ મામલે આજે સ્થાનિક રહીશોએ આજે ઈન્કવાયરી કચેરીમાં હોબાળો મચાવ્યો હતો.

શહેરના જૂના અને નવા સેક્ટરોમાં ગટરો ઉભરાવવાની સમસ્યા જટીલ બની છે. નગરની વસતી અને વિકાસ મુજબ ગટરલાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. આવા સંજોગોમાં સેક્ટરોના રહેણાંક વિસ્તારમાં ગટરલાઈનમાંથી રોજબરોજ દૂષિત પાણી ઉભરાતા નાગરિકો ત્રાહિમામ પોકારી ગયા છે. તંત્રની કામચલાઉ કામગીરીના અંતે સમસ્યાનો કાયમી ઉકેલ ન આવતા ગટર ઉભરાવવાનો પ્રશ્ન હલ ન થતો હોવાનો જનઆક્રોશ પ્રબળ બન્યો છે. સે. ૨૪ ઈન્દિરાનગર વિસ્તારમાં છેલ્લા ૫ મહીનાથી રોજબરોજ ગટરો ઉભરાય છે. ગટરનું દૂષિત પાણી રહેણાંક વિસ્તારમાં ઉભરાતા અસહ્ય દુર્ગમયુક્ત માહોલમાં રહીશો ગુંગળામણ અનુભવી રહ્યા છે. આજે પણ ગટરના દૂષિત પાણીનો ભરાવો થતા રહીશોએ સ્થાનિક ઈન્કવાયરી કચેરીમાં ઉગ્ર રજૂઆત કરી હોબાળો મચાવ્યો હતો. રહીશોના જણાવ્યા મુજબ આ બે થી ત્રણ વાર રજુઆત કરી હોવા છતાં સમસ્યાનું કાયમી નિરાકરણ આવ્યું નથી.

# પાંચ વર્ષથી નાસતો ફરતો આરોપી પકડાયો

## પત્નિને શારીરિક માનસિક ત્રાસ આપતો હતો : આણંદ રહેવા જતો રહ્યો હતો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી નાસતા ફરતા આરોપીઓની શોધખોળ કરતી સ્કવોર્ડ એબ્સ્કોન્ડર સ્કવોર્ડના પી.એસ.આઈ. ઓ.એમ. દેસાઈ તથા તેમની ટીમે વર્ષ ૨૦૦૮ થી નાસતો ફરતો એક આરોપી આણંદથી ઝડપી પાડ્યો હતો. સેક્ટર-૨-બી પ્લોટ નં. ૩૦૦/૨ માં પત્નિ વર્ષાબેન સાથે અગાઉ રહેતો હતો. કમલેશ રેવનદાસ પરમાર તેની પત્નિ વર્ષાબેનને ત્રાસ આપતો હોવાની ફરીયાદ નોંધાઈ હતી. ત્યારથી તે નાસતો ફરતો હતો. એબ્સ્કોન્ડર સ્કવોર્ડ બાતમી મેળવીને તેને આણંદથી ઝડપી લીધો છે અને ધરપકડ કરીને સે. ૭ પોલીસને સોંપ્યો છે.

# ચેઈન સ્નેચીંગ કરીને ભાગેલા શખ્સોનું બાઈક સ્લીપ ખાધું

## કોટશ્વર પાસેથી મોપેડ લઈને જતી મહિલાના ગળામાંથી ૫૦ હજારનો દોરો ખેંચીને ભાગ્યા : પીછો કરતાં બાઈક સ્લીપ ખાધું અને બાઈક મુકીને શખ્સો ભાગી ગયા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર-અમદાવાદ ઈન્દિરાનગર રોડ પર મોપેડ લઈને દંપતી જઈ રહ્યું હતું ત્યારે કોટેશ્વર નજીક એક બાઈક પર આવેલા ચેઈન સ્નેચર્સે ૫૦ હજારનો દોરો મોપેડ પાછળ બેસેલી મહિલાના ગળામાંથી આંચકી લીધો હતો. ચેઈન સ્નેચર્સનો પીછો કરતાં આગળ જઈને તેમનું બાઈક સ્લીપ ખાઈ ગયું હતું. બાઈક મુકીને બંને શખ્સો ફરાર થઈ ગયા હતાં. પોલીસે બાઈક જપ્ત કરીને આરોપીઓ સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે. મળતી માહિતી મુજબ બાઈક પણ પાંચેક દિવસ પહેલા અમદાવાદથી ચોરાયેલું હોવાનું બહાર આવ્યું છે.

પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે અર્જુનદાસ કિશનચંદ હરવાણી અને તેમની પત્નિ માલતીદેવી કાયનેટીક (મોપેડ) લઈને કોબા રોડ પરથી પસાર થઈ રહ્યા હતાં. કોટેશ્વર પાસે એક બમ્પ આવ્યો ત્યારે મોપેડ ધીમું પાડયું તેટલામાં પાછળથી એક પેશન બાઈક લઈને આવેલા બે શખ્સો પૈકી પાછળ બેસેલા શખ્સે માલતીદેવીના ગળામાં હાથ મારીને રૂ. ૫૦ હજારની કિંમતનો દોરો ખેંચી લીધો હતો. પતિએ મોપેડ લઈને તેનો પીછો કર્યો હતો થોડે દુર જતા જ ચેઈન સ્નેચર્સનું બાઈક પલ્ટી મારી ગયું અને બંને શખ્સો બાઈક મુકીને ત્યાંથી ફરાર થઈ ગયા હતાં. અડાલજ પોલીસે અર્જુનદાસની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને બાઈક જપ્ત કરીને તેના નંબરને આધારે તપાસ શરુ કરી છે. આ બાઈક ૪થી નવેમ્બરે અમદાવાદમાંથી ચોરાયેલું હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે ચેઈન સ્નેચર્સ સુધી પહોંચવા દોડધામ શરુ કરી છે.

# ગલુદણ રોડ પર ટ્રેકટર પાછળ બાઈક ઘુસી જતાં એકનું મૃત્યુ

## ગલુદણ ગામનાં બાઈકચાલક યુવાનનું ઘટના સ્થળે મૃત્યુ નિપજયું : બાઈક સવાર યુવાનને ઈજાઓ

ગાંધીનગર, તા.૯

દહેગામ-નરોડા હાઈવે પર જઈ રહેલા ટ્રેકટરની પાછળ એક બાઈક ઘુસી જતાં બે યુવાનો ઘવાયા હતાં. જેમાં બાઈક ચાલક યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. જયારે બાઈક પાછળ બેઠેલા યુવાનને ઈજાઓ થવા પામી છે. ડભોડા પોલીસે ગુનો દાખલ કરીને બનાવની તપાસ શરુ કરી છે.

ગાંધીનગર નજીક આવેલા ગલુદણ ગામની સીમમાં રહેતા જીતેન્દ્રભાઈ ભીખાજી ઠાકોર અને તેમના મિત્ર દિપકજી બાબુજી ઠાકોર બંને બાઈક નં. જીજે ડબલ્યુ ૧૮ ઝેડ બી ૬૨૩૦ લઈને ગઈ સાંજે ડબલ સવારી નીકળ્યા હતાં. નરોડા-દહેગામ હાઈવે પર નીકળેલા ટ્રેકટરની પાછળ ગલુદણની સીમમાં તેમનું બાઈક ઘુસી જતાં બંને મિત્રો ઘવાયા હતાં. જેમાં બાઈકચલાવી રહેલા જીતેન્દ્ર ઠાકોરનું ઘટના સ્થળે મૃત્યુ નિપજયું હતું. જયારે દિપકજીને ઈજાઓ થતા સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતાં. ડભોડા પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધીને ઘટનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

# આજે સે.-૭/ડીમાં આદ્યશક્તિ સાંસ્કૃતિ મંડળનો સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૯

આદ્યશક્તિ સાંસ્કૃતિ મંડળ સેકટર-૭/ડીનો તા. ૧૦ નવેમ્બરના રોજ સવારે ૯.૩૦ કલાકે આમ્રકુંજ ચોકમાં યોજાશે. વોર્ડ કોર્પોરેટર કાર્તિકભાઈ પટેલ હાજર રહીને શુભેચ્છાઓ પાઠવશે.

# ત્રણ દિવસથી લાપતા નભોઈના યુવાનનો કેનાલમાંથી મૃતદહ મળ્યો

## શુક્રવારે સવારે નભોઈ કેનાલ બહારથી યુવાનનું બાઈક અને મોબાઈલ મળી આવ્યો હતો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીકના નભોઈ ગામમાંથી લાપતા બનેલા યુવાનનો ગઈ કાલે મોબાઈલ અને બાઈક કેનાલની બહારની બાજુથી મળી આવ્યું હતું. જેને પગલે પોલીસ અને ફાયરબ્રિગેડે કેનાલમાં મૃતદેહ શોધવાની કામગીરી હાથ ધરી હતી. દરમિયાન આજે યુવાનનો મૃતદેહ કેનાલમાંથી મળી આવ્યો હતો. અડાલજ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલીને તપાસ શરુ કરી છે.

નભોઈ નર્મદા કેનાલ પાસેથી ગઈ કાલે કેનાલ સિકયુરીટી ગાર્ડને એક મોબાઈલ અને બાઈક મળી આવ્યો હતો. નભોઈ ગામનો જ પરિણીત યુવાન ગોપાલ વસરામભાઈ ભરવાડ (ઉ.વ. ૨૯) લાપતા હોવાનું જાણવા મળ્યું હતું. પરિવારજનોને જાણ થતાં કેનાલમાં યુવાને આપઘાત કરી લીધો હોવાની આશંકા ગઈ હતી. જેને પગલે ગઈ કાલે પોલીસ અને ફાયરબ્રિગેડે કેનાલના પાણીમાં શોધખોળ આરંભી હતી આજે કેનાલમાંથી ગોપાલનો મૃતદેહ મળી આવ્યો હતો. તેણે આપઘાત કયા કારણોસર કર્યો તે હજુ બહાર આવ્યું નથી. અડાલજ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

### લવારપુર પાસે સ્થિત પેટ્રોલપંપના માલિક સામે ગુનો દાખલ

ગાંધીનગર નજીકના લવારપુર ગામે સ્થિત પેટ્રોલ પંપ પર ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની ટીમે આકસ્મિક ચેકીંગ કર્યું હતું. તપાસ કરતાં પેટ્રોલ પંપે સીસી ટીવી કેમેરા લગાડયા ન હોવાનું બહાર આવ્યું છે. જેને પગલે જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરવા બદલ પેટ્રોલપંપના માલિક લવારપુર ગામના અશ્વિનકુમાર નવીનચંદ્ર પટેલ સામે ગુનો દાખલ કરીને એસ.ઓ.જી.ની ટીમે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# એસ.ટી. ડેપો પેપરલેસ બનશે નવી કોમ્પ્યુટર સિસ્ટમ લગાવાશે

## માહીતીનું આદાન-પ્રદાન સરળ બનશે : ઓડીટ-પેરાની સીધી ચકાસણી થશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર એસ.ટી. ડેપોને મોડેલ બનાવવાનું અભિયાન હાથ ધરાયું છે. ડેપો સંકુલમાં નવી બસો દોડતી થયા બાદ ડેપોની સઘળી કામગીરી કોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવનાર છે. પેપરલેસ ડેપોના લીધે માહિતીનું આદાન-પ્રદાન સરળ થશે. જયારે ઓડીટ-પેરા પણ સરળતાથી ચકાસી શકાશે. જેના પરિણામે ડેપોનો વહીવટ વધુ પારદર્શક બનશે

રાજયના તમામ ડેપોને કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમ સાથે જોડવા નવતર આયોજન કરી દેવાયું છે. જયારે ગાંધીનગર એસ.ટી. ડેપોને મોડેલ ડેપો બનાવવા તબક્કાવાર કામ હાથ ધરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ડેપોમાં અત્યાર સુધી ૬૪ જેટલી નવી બસો ફાળવવામાં આવી છે. આ ઉપરાંત મુસાફરોને નિયમિત અને સમયસર બસ સેવા પુરી પાડવા પણ યોગ્ય ટાઈમ-ટેબલ ગોઠવી દેવાયું છે. વધુમાં ડેપો સકુલમાં વીજ બચત થાય તે માટે સોલાર પેનલ સિસ્ટમ ફીટ કરવામાં આવી છે. જયારે ડેપો સંકુલને સી.સી.ટી.વી. કેમેરાથી કેદ કરી સલામતીના પરિબળોને પણ ધ્યાને લેવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે એસ.ટી. ડેપોને પેપરલેસ બનાવવાનું આયોજન કરી દેવાયું છે. જેમાં ડેપોનો વહીવટ આંગળીના ટેરવે થાય તે માટે આગામી મહીનામાં નવા ૭ કોમ્પ્યુટર ફાળવવામાં આવશે. જેના આધારે દરેક ડેપો સાથે કનેકટીવીટી થશે. જેથી જરુરી માહિતીનું આદાન પ્રદાન સરળ રીતે થઈ શકશે. આ ઉપરાંત ઓડીટ-પેરાની ડાયરેકટ ચકાસણી પણ થઈ શકશે. જેના આધારે ડેપોનો વહીવટ વધુ પારદર્શક બનશે. ડેપોને કોમ્પ્યુટરાઈઝડ કરવાની મંજુરી આપી દેવાતાં મહીનામાં નવી વ્યવસ્થા ગોઠવાઈ જશે.

# દહેગામ ખાતે આઈ.એચ.એસ.ડી.પી. યોજના આવાસોનું ભૂમિપૂજન કરાયું



(તસવીર : હસમુખ આચાર્ય, દહેગામ)

દહેગામ, તા. ૯

દહેગામ નગરપાલિકા વિસ્તારમાં ભારત સરકારની આઈ.એચ.એસ.ડી.પી. યોજના અંતર્ગત આવાસ વિહોણા બી.પી.એલ. લાભાર્થીઓને મકાનો પુરા પાડવામાં આવશે જેનું ભૂમિપૂજન તા. ૯ નવેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું.

રાજ્ય અને કેન્દ્ર સરકારની સહાયથી આવાસ વિહોણા બી.પી.એલ. લાભાર્થીઓને ૨૫ ચો.મી.ના બેરૂમ, રસોડા સાથેના જીઉ ટાઈપના મકાનો બનાવવામાં આવશે. જેમાં ૮૦,૦૦૦ હજાર કેન્દ્ર સરકાર, ૪૫,૦૦૦ હજાર રાજ્ય સરકાર તેમજ ૯૯,૫૧૩ રૂ. નગરપાલિકાના ફાળાથી આવાસો બનાવવામાં આવશે.

ગુજરાત શહેરી વિકાસ મીશન ગાંધીનગરે દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલવામાં આવી હતી. જેમાં જીઉ ટાઈપના ૨૫૬ મકાનો બનાવવા માટે ૭,૪૪,૪૭,૫૪૯ રૂ. ફાળવવામાં આવ્યા છે. આવાસોમાં કોમ્યુનિટી હોલ, લાઈટ, પાણીની ટાંકી જેવી સુવિધાઓ આપવામાં આવશે.

આવાસોનુ ભૂમિપૂજન દહેગામ નગરપાલિકા પ્રમુખ ભરતભાઈ રબારીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકાના ચીફ ઓફિસર હિતેન્દ્ર વાલેરા, ચેરમેન ચેતનભાઈ બારોટ, અરવિંદસિંહ સોલંકી, ઉપપ્રમુખ હિતેન્દ્રભાઈ મકવાણા દહેગામના ધારાસભ્ય કામિનીબા રાઠોડ તેમજ મોટી સંખ્યામાં નગરપાલિકાના સદસ્યો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાવા ખાતે મહારૂદ્ર યાગ અને શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના ઉનાવા ગામે સુપ્રસિદ્ધ ગોગાજી મહારાજ અને શિકોતર માતાના મઢના મંદિરે ભક્ત પૂ. કરસનબાપાની પુણ્યતિથિની રજતજયંતિ ઉજવણી નિમિત્તે ૧૫૧ કુંડી અતિમહારૂદ્ર યાગ તથા શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે નવચંડી યજ્ઞ પણ કરવામાં આવનાર છે. આગામી તારીખ ૧લી ડીસેમ્બરે રવિવારે પોથીયાત્રા-શોભાયાત્રાથી આ ઉત્સવનો પ્રારંભ થશે જેની પૂર્ણાહુતી તા. ૭મી ડીસેમ્બરે શનિવારે રામદેવજીના પાઠ સાથે કરવામાં આવશે. આ ઉત્સવમાં શ્રીકૃષ્ણ ભગવાનની બાળલીલા અને ગીતાજ્ઞાનની સાપ્તાહિત કથા પૂ. રામ બાલકદાસજી બાપુની વ્યાસપીઠે ભક્તોને રસપાન કરવામાં આવનાર છે. સમગ્ર કાર્યક્રમમાં અનેક સંતો-મહંતો, ભુવાજીઓ તેમજ મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા ઉમટશે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં તા. ૬ઠ્ઠી ડીસેમ્બરે ગુજરાત રાજ્યના નાણામંત્રી નિતીનભાઈ પટેલ, પ્રવાસ નિગમ અને કાયદા મંત્રી પ્રદિપસિંહ જાડેજા, વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સહિત અનેક ધારાસભ્યો, રાજકીય આગેવાનો અને સામાજીક આગેવાનો પણ હાજરી આપનાર છે. ઉનાવાના પૂ. શકરાબાપા અને પૂ. નાગજીબાપાના સાનિધ્યમાં આ મહોત્સવનું ભાવપૂર્ણ રીતે આયોજન કરવામાં આવ્યું છે.

# વડોદરા જિલ્લા બ્રહ્મસમાજની જીવનસાથી પસંદગી સંમેલનની યાદી વૅબસાઈટ પર

ગાંધીનગર, તા. ૯

શ્રી ચાણક્ય સેવા ટ્રસ્ટ અને વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના ઉપક્રમે તાજેતરમાં વડોદરામાં જીવનસાથી પસંદગી સંમેલન યોજાયું હતું. જેની સંપૂર્ણ પરિચય પુસ્તિકા ટ્રસ્ટની વેબસાઈટ પર જનહિતાર્થ મુકવામાં આવેલ છે. જિલ્લા બ્રહ્મસમાજના મહામંત્રી ઈશ્વરભાી દવેએ જણાવેલ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૫
સૂર્યાસ્ત : ૫.૫૬

## તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૫૫ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
થૉર ધ ડાર્ક વર્લ્ડ : ૧૦.૧૫, ૧૨.૪૫, ૩.૧૫, ૫.૪૫, ૮.૧૫, ૧૦.૪૫
: સ્ક્રીન-૨ :
સત્યા-૨ : ૯.૦૦, ૩.૧૫, ૯.૩૫
ક્રિશ -૩ : ૧૨.૦૦, ૬.૨૦
: સ્ક્રીન-૩ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
ક્રિશ -૩ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૪૫, ૯.૦૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

ક્રિશ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩ : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સત્યા -૨ : ૧.૦૦
: સ્ક્રીન-૩ :
ક્રિશ -૩ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૪૫
સત્યા-૨ : ૭.૧૫, ૧૦.૧૫

### ચિરાગ, કલોલ

ક્રિશ -૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### સામાજિક

- આદ્યશક્તિ સાંસ્કૃતિ મંડળ સેકટર-૭/ડી, ગાંધીનગરનો સ્નેહ મિલન સવારે ૯.૩૦ કલાકે આમ્રકુંજ ચોક ખાતે યોજાશે.

## આપની આજ

**મેષ** : તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. ભાગીદારથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

**વૃષભ** : આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. વધુ પ્રયત્ન કરવો પડશે. સંબંધો પ્રત્યે સાવધાની રાખવી જરૂરી બની રહેશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

**કર્ક** : કૌટુંબીજનોના સાથ સહકાર-પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**સિંહ** : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બનશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**કન્યા** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**તુલા** : જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

**ધન** : આવકના નવા સાધનો પ્રાપ્ત થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

**મકર** : સ્વભાવની સાદગીનો લાભ આપના સુખમાં વૃદ્ધિ કરશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. આપના પ્રયાસોથી વ્યાપારને ટોચ પર પહોંચાવી શકશો.

**કુંભ** : વિઘ્નો, મુશ્કેલીઓનો સામનો કરી લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સફળ થશો. આપને નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું.

**મીન** : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. અંબાલાલ નાનજીદાસ પટેલ (ઉ.વ.૯૫) પ્લોટ નં. ૮૨૧/૨, સેકટર-૫/સી, ગાંધીનગર.
- સ્વ. ગાયત્રીબેન અમરસિંહ બિહોલા (ઉ.વ. ૨૬) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. બિપીનકુમાર નટવરલાલ વ્યાસ (ઉ.વ. ૩૩) ઈ-૨૦૫, દ્વારકેશ રેસીડેન્સી, મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. દોલતસિંહ વરવાજી વાઘેલા (ઉ.વ. ૪૨) મુ.પો. સરગાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રવિણસિંહ નેનાજી બિહોલા (ઉ.વ. ૩૯) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મોહનભાઈ સોમાભાઈ વાળંદ (ઉ.વ. ૭૫) મુ.પો. પ્રાંતિયા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સુંદરબેન ડગાભાઈ મિસ્ત્રી (ઉ.વ.૯૦) ૩૩૪, ઈન્દિરાનગર, સેકટર-૨૪, ગાંધીનગર.